


# શરદોત્સવે પ્રાર્થના

~ સાધુ મનોજદાસ

વર્ષાન્તે આવતી શરદ ઋતુ આવી પહોંચી છે. શારીરિક સ્વાસ્થ્ય માટે શરદ ઋતુને મહત્ત્વની ગણવામાં આવી છે. વૈદિક કાળથી આપણા ઋષિઓએ પણ પ્રભુને એવી પ્રાર્થના કરી છે કે, 'હે પ્રભુ ! અમે સો શરદ જીવતાં આપની ભક્તિ કરીએ !' जीवेम शरदः शतम् ।

આ ઋતુ દરમિયાન સ્વાસ્થ્યની વિશેષ કાળજી લઈએ. ઋતુ પ્રમાણે આહાર લઈ વિહારમાં સંયમ અપનાવીએ. અને, વિચારોને પ્રભુના પ્રગટ સ્વરૂપની મૂર્તિની સ્મૃતિમાં અને સાધુના વચને દેહને પ્રભુના ભક્તોની સેવામાં જોડીએ.

આસો માસની આ શરદ ઋતુ દરમિયાન શુક્લ પક્ષની પૂર્ણિમા એ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યની પૂર્ણિમા ! કેવો અવર્ણનીય મહિમા છે અક્ષરબ્રહ્મનો : અષ્ટ આવરણે યુક્ત એવું એક બ્રહ્માંડ-જેમાં આપણો સ્થાનગ્રહ પૃથ્વી એક નાનકડો ગ્રહ છે, તેવાં અનેકાનેક, કરોડો બ્રહ્માંડો જે અક્ષરના એક રોમ વિશે અણુની પેઠે જણાય છે, એવા પુરુષોત્તમ નારાયણના ધામરૂપ, તે અક્ષરબ્રહ્મ ! આ અપાર વિરાટ સ્વરૂપ મહિમા અક્ષર તત્ત્વનો મહિમા છે. પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણની અકલ્પનીય કૃપા કે આવા અપાર વિરાટ સ્વરૂપમહિમા ધરાવતા અક્ષર તત્ત્વને માનવદેહ સ્વરૂપે પોતાની સાથે આ પૃથ્વી પર લાવ્યા અને તેની ઓળખાણ પણ વારંવાર સ્પષ્ટપણે કરાવી. પુરુષોત્તમ નારાયણના ધામરૂપ અક્ષરના સ્વરૂપનો આવો અપાર અવર્ણનીય વિરાટ મહિમા છે તો સ્વયં પુરુષોત્તમના મહિમાની તો કલ્પના કરવી પણ અસંભવ જણાય છે !

સમગ્ર પૃથ્વીલોક પર અને તેમાં નિવસતાં સર્વ જીવ-પ્રાણીમાત્ર પર પ્રભુની અપરંપાર કરુણા કે અક્ષરબ્રહ્મ અને પૂર્ણ પુરુષોત્તમ-એમ બંને પરાત્પર દિવ્ય તત્ત્વો માનવદેહે એક જ સમયે આ પૃથ્વી પર અવતર્યા ! સંબંધમાં આવનારા પ્રત્યેક ચૈતન્યને દર્શન, સેવા, ભક્તિનાં સુખ આપ્યાં. અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રસ્થાપન તથા જીવનઆચરણના માર્ગ પ્રશસ્ત કરી સાધુ દ્વારા આ પૃથ્વી પર અખંડ સાકાર રૂપે પ્રગટ રહેવાનાં અભય વચન આપ્યાં !

આજે સંતભગવંત સાહેબજી સ્વરૂપે આપણાં સૌનાં જીવનમાં શ્રી અક્ષરપુરુષોત્તમના એ પરાત્પર પરમ દિવ્ય તત્ત્વ સાકાર અને પ્રગટ છે.

આપણું મૂળ રૂપ તે આપણો દેહ નહિ; પરંતુ, આત્મા છે, જે અક્ષર છે, તેની અખંડ જાગ્રતતા રહો. આ જાગ્રતતા દેહના ભાવથી મુક્ત થવાની શક્તિ આપે, અને તેવી મુક્ત અવસ્થા પ્રાપ્ત કરી, અખંડ અક્ષરરૂપી જાગ્રતતામાં જીવતા સંપૂર્ણ દાસત્વભાવે સંતભગવંત સાહેબદાદાની પ્રસન્નતાર્થે પ્રત્યેક ક્ષણ વ્યતીત થાઓ !

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાદુર્ભાવની શરદપૂર્ણિમાએ આપણાં સૌની આ પ્રાર્થના પ્રભુ સ્વીકારો, અને તે પ્રાર્થનાની સદૈવ જાગ્રતતા સાથે સાધુના વચને હાંહાંગડથલરૂપ ભક્તિ કરવાના ઉમંગ અને યત્ન અખંડ રહો તેવી યાચના છે ! ◆

